પેજ 3

જિતેન્દ્ર, પુત્ર તુષાર કપૂરે મુંબઈની મિલકત રૂ. 559 કરોડમાં વેચી

મુંબઈ, તા. 13: અભિનેતા જિતેન્દ્ર અને પુત્ર તુષાર કપૂર રિયલ એસ્ટેટના મોરચે મોટા પગલાં લઈ રહ્યા છે અને તેમના રોકાણના ફાયદા ઉઠાવી રહ્યા છે. જૂન ૨૦૨૫માં પિતા-પુત્રની જોડીએ મુંબઈમાં જમીનનો મોટો ટુકડો રૂ. ૮૫૫ કરોડમાં વેચી દીધો હતો. આ ડીલ બે પરિવારની માલિકીની કંપનીઓ અને જાપાન સ્થિત ડેટા કોર્પોરેશન, એનટીટી વચ્ચે થઈ હતી. હવે તે જ કંપની સાથે વધુ એક ડીલ થઈ છે અને આ બાપ-બેટાની જોડીએ રૂ. ૫૫૯ કરોડમાં કોમર્શિયલ મિલકત વેચી દીધી છે. વેચાણ માટેના નોંધણી દસ્તાવેજો સ્ક્વેર યાર્ડ્સ દ્વારા શેર કરવામાં આવ્યા હતા અને આ ડીલ ૯ જાન્યુઆરીએ ફાઇનલ થઈ હતી. મિલકતનું કુલ કદ ૩૦,૧૯૫ ચોરસ મીટર છે અને તે બાલાજી આઈટી પાર્કમાં સ્થિત છે.

દિશા પટણીનું પંજાબી ગાયક તલવિંદર સાથે ડેટિંગ?

મુંબઈ, તા. 13: અભિનેત્રી દિશા પટણીનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે એક પુરુષનો હાથ પકડીને ચાલતી જોવા મળી રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, વીડિયોમાં રહેલી વ્યક્તિ પંજાબી ગાયક તલવિંદર સિદ્ધુ છે. આ વીડિયો વાયરલ થયા બાદ એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે બંને ડેટિંગ કરી રહ્યા છે. હકીકતમાં દિશાએ તાજેતરમાં ઉદયપુરમાં કૃતિ સેનનની બહેન નૂપુર સેનન અને ગાયિકા સ્ટેબિન બેનના ડેસ્ટિનેશન વેડિંગમાં હાજરી આપી હતી. અભિનેત્રી તેની બેસ્ટ ફ્રેન્ડ મૌની રોય અને તેના પતિ સાથે પહોંચી હતી. જોકે, લગ્ન પહેલાના કાર્યક્રમનો એક વીડિયો હાલમાં ઇન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ગાયક સાથે જોવા મળી રહી છે. વીડિયોમાં બંને એકબીજાના હાથ પકડીને હસતા અને કોઈની સાથે વાત કરતા જોવા મળી રહ્યા છે.

ભૂપેન હજારિકાના ભાઈ અને જાણીતા ગાયક સમર હજારિકાનું અવસાન

ગુવાહાટી, તા. ૧૩ (પીટીઆઈ): પરિવારના સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રખ્યાત આસામી સંગીતકાર સમર હજારિકા, જે સુપ્રસિદ્ધ ગાયક ભૂપેન હજારિકાના સૌથી નાના ભાઈ હતા, તેમનું મંગળવારે ટૂંકી બીમારી બાદ અવસાન થયું હતું. તેઓ ૭૫ વર્ષના હતા અને તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને એક પુત્રી છે. ગાયકનું અવસાન નિઝારાપર ખાતે તેમના નિવાસસ્થાને થયું હતું, જ્યાં આખો હજારિકા પરિવાર એક ટેકરી ઉપર અલગ -અલગ મકાનોમાં રહે છે. સમર હજારિકા થોડા સમયથી બીમાર હતા અને તાજેતરમાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તેઓ ૧૦ ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા અને તેમણે રેડિયો, આલ્બમ અને ફિલ્મો માટે ગાયું અને સંગીત આપ્યું હતું.

ટ્રમ્પની નવી 'રમત' શરૂ

વ્હાઇટ હાઉસની બારીમાંથી પોતે ગ્રીનલેન્ડને જોઇ રહ્યા હોય તેવી તસવીર ટ્રમ્પે મૂકી

વ્હાઇટ હાઉસના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ એડિટ કરેલો ફોટો મૂકવામાં આવ્યો

વૉશિંગ્ટન, તા. ૧૩: સોમવારે રાત્રે વ્હાઇટ હાઉસના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક એડિટ કરેલી તસવીર અપલોડ કરવામાં આવી હતી. અસલ તસવીરમાં અમેરિકી પ્રમુખ તેમના ભવિષ્યના બોલરૂમની બાંધકામ સાઇટ તરફ જોઈ રહ્યા હતા. જો કે, નવી તસવીરમાં બાંધકામના સ્થળને બદલે ગ્રીનલેન્ડનો નકશો મૂકવામાં આવ્યો છે અને તેની સાથે કેપ્શન લખ્યું છે, 'પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે'. આ પોસ્ટ ટ્રમ્પે એવો આગ્રહ રાખ્યાના થોડા કલાકો બાદ આવી હતી કે અમેરિકા 'કોઈપણ રીતે' આ પ્રદેશ પર પોતાનું નિયંત્રણ મેળવશે. ટ્રમ્પે પુષ્ટિ કરી છે કે તેઓ ગ્રીનલેન્ડ સાથે સોદો કરવા માંગે છે, કારણ કે લશ્કરી માધ્યમો દ્વારા આર્કટિક ક્ષેત્ર પર કબજો મેળવવા કરતાં આ 'સરળ' રહેશે. તેમણે ચેતવણી પણ આપી હતી કે જો અમેરિકા આ દિશામાં પગલાં નહીં ભરે, તો રશિયા અથવા ચીન તે કરી લેશે. ત્યારબાદ તેમણે આ કબજા માટેની પોતાની માંગ પર મક્કમ રહેતા દાવો કર્યો હતો કે, ભલે તેનાથી નાટો (NATO) સાથેના સંબંધો વણસે અથવા આ સૈન્ય ગઠબંધન નારાજ થાય, પણ આ ટેકઓવર થઈને રહેશે.

અમેરિકામાં ગ્રીનલેન્ડ પર કબજાનું બિલ રજૂ

ગ્રીનલેન્ડ પર છેલ્લાં ૩૦૦ વર્ષથી ડેનમાર્કનું નિયંત્રણ છે

વૉશિંગ્ટન, ડી.સી., તા. 13

અમેરિકી સાંસદ રેન્ડી ફાઇને સોમવારે 'ગ્રીનલેન્ડ અનેક્સેશન એન્ડ સ્ટેટહુડ એક્ટ' નામનું બિલ રજૂ કર્યું હતું. આ બિલનો હેતુ યુએસ સરકારને ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવાનો અને ત્યાર બાદ તેને યુએસનું રાજ્ય બનાવવાનો કાનૂની અધિકાર આપવાનો છે.

કૉંગ્રેસમેન રેન્ડી ફાઇને સોશિયલ મીડિયા પોસ્ટમાં આ બિલની જાણકારી આપી હતી. રેન્ડી ફાઇને જણાવ્યું હતું કે, રશિયા અને ચીનના પ્રભાવને રોકવા માટે આ પગલું આવશ્યક છે. ત્યાર બાદ રાજ્યત્વ માટે જરૂરી સુધારાઓની વિગતો આપતો સંપૂર્ણ અહેવાલ સંસદમાં રજૂ કરવામાં આવશે.

જો આ બિલ પસાર થાય તો યુએસને ગ્રીનલેન્ડને તેનું ૫૧મું રાજ્ય બનાવવાનો અધિકાર મળી જશે. જોકે, બિલ હમણાં જ રજૂ કરવામાં આવ્યું છે અને તેને હાઉસ અને સેનેટ બંનેમાં પસાર કરવાની જરૂર છે.

ઘણા નિષ્ણાતો કહે છે કે, આ બિલને પસાર કરવું ખૂબ મુશ્કેલ હશે. કારણ કે, તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે. ડેનમાર્ક છેલ્લાં ૩૦૦ વર્ષથી ગ્રીનલેન્ડ પર નિયંત્રણ ધરાવે છે.

સાહેબ, આ જ કરડ્યો છે!

ખિસ્સામાં સાપ લઈને હોસ્પિટલ પહોંચ્યો રિક્ષાચાલક

મથુરા (યુપી), તા. ૧૩ (પીટીઆઈ) : એક ઈ-રિક્ષા ચાલક મંગળવારે જિલ્લા હોસ્પિટલમાં તેના ખિસ્સામાં ૧.૫ ફૂટ લાંબો સાપ લઈને આવ્યો હતો, જે સાપ તેને કરડ્યો હતો. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટનાનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યો છે. 39 વર્ષીય સ્થાનિક રહેવાસી દીપકને સોમવારે સાપે કરડ્યો હતો અને તે ઝેર વિરોધી ઇન્જેક્શન માટે હોસ્પિટલમાં આવ્યો હતો. વીડિયોમાં જ્યારે તેને કરડેલા સાપ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે તેના જેકેટના ખિસ્સામાંથી સાપ કાઢ્યો અને તેને પાછો મૂકી દીધો. દર્દીએ કહ્યું કે તે લગભગ ૩૦ મિનિટ પહેલા હોસ્પિટલમાં આવ્યો હતો અને આરોપ લગાવ્યો કે હોસ્પિટલમાં કોઈ સુવિધાઓ નથી. મુખ્ય તબીબી અધિક્ષક નીરજ અગ્રવાલે જણાવ્યું હતું કે, ''દર્દીને સાપને બહાર છોડી દેવાનું કહેવામાં આવ્યું હતું. કારણ કે, તે અન્ય દર્દીઓના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો.

બાદમાં પોલીસને બોલાવવામાં આવી હતી, જેમણે સાપને બચાવ્યો હતો. જોકે, એવી શંકા છે કે આ સાપ દીપકનો જ હતો. એમ સીએમએસે ઉમેર્યું હતું.

અમેરિકાએ ૨૦૨૫માં એક લાખથી વધુ વિઝા રદ કર્યા

આમાં ૮૦૦૦ સ્ટુડન્ટ વિઝાનો પણ સમાવેશ

હુમલા, ચોરી, નશામાં ડ્રાઇવિંગ વગેરે ગુનાઓ કરનારાઓના વિઝા રદ થયા

ન્યૂયોર્ક/વોશિંગ્ટન, તા. 13(PTI): ટ્રમ્પ વહીવટીતંત્રે વર્ષ 2025માં 8,000 જેટલા વિદ્યાર્થીઓ સહિત 1,00,000 થી વધુ વિઝા રદ કર્યા છે. વહીવટીતંત્રે તેને એક નવો રેકોર્ડ ગણાવતા કહ્યું કે, આ તેમની ઇમિગ્રેશન પોલિસીનો ભાગ છે જેનો હેતુ અમેરિકાને જાહેર સુરક્ષા અથવા રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમરૂપ વિદેશી નાગરિકોથી બચાવવાનો છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટે સોમવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમે અમેરિકાને સુરક્ષિત રાખવા માટે આવા ઠગોને દેશનિકાલ કરવાનું ચાલુ રાખીશું. તેમાં વધુમાં જણાવાયું હતું કે, સ્ટેટ ડિપાર્ટમેન્ટે હવે 1,00,000 થી વધુ વિઝા પાછા ખેંચ્યા છે, જેમાં આશરે 8,000 સ્ટુડન્ટ વિઝા અને 2,500 એવા વિશિષ્ટ વિઝાનો સમાવેશ થાય છે જે વ્યક્તિઓ ગુનાહિત પ્રવૃત્તિઓ બદલ અમેરિકી કાયદા અમલીકરણ એજન્સીઓના સંપર્કમાં આવ્યા હતા. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ ડેપ્યુટી સ્પોક્સપર્સન ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર માટે અમેરિકન નાગરિકોની સુરક્ષા અને અમેરિકાની સાર્વભૌમત્વ જાળવી રાખવા કરતા વધુ ઉંચી બીજી કોઈ પ્રાથમિકતા નથી. પિગોટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એક વર્ષથી ઓછા સમયમાં, સ્ટેટ ડિપાર્ટમેન્ટે વિદેશી નાગરિકોના 1,00,000 થી વધુ વિઝા રદ કર્યા છે, જે એક નવો રેકોર્ડ છે અને 2024 થી વિઝા રદ કરવાના દરમાં 150% થી વધુનો વધારો દર્શાવે છે. તેમણે ઉમેર્યું હતું કે સ્ટેટ ડિપાર્ટમેન્ટે હુમલો, ચોરી અને નશામાં વાહન ચલાવવા સહિતના ગુનાઓમાં આરોપી અથવા દોષિત ઠરેલા હજારો વિદેશી નાગરિકોના વિઝા રદ કર્યા છે.

ટાઈટલ અંગેની જાહેર નોટિસ

સુરત ડિસ્ટ્રીકટ, કામરેજ સબ-ડિસ્ટ્રીકટના મોજે સેગવાના જેનો સર્વે નં. ૪૫/૧અ જેનો જુનો બ્લોક નં. ૫૧, રી-સર્વે મુજબ નવો બ્લોક નં. ૨૭ થી નોધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૦૩-૬૧ ચો.મી. યાને ૨૦૩૬૧ ચો.મી. વાળી જમીન તથા સુરત ડિસ્ટ્રીકટ, કામરેજ સબ-ડિસ્ટ્રીકટના મોજે સેગવાના જેનો સર્વે નં. ૩૭ જેનો જુનો બ્લોક નં. ૪૯, રી-સર્વે મુજબ નવો બ્લોક નં. ૩૧૦ થી નોધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૫૮-૬૪ ચો.મી. યાને ૧૫૮૬૪ ચો.મી. વાળી જમીન તથા તેને લાગતા વળગતાં અંદરના તથા બહારના તમામ હકકો સહિતની જમીન ઠાકોરભાઈ સોમાભાઈ પટેલના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓએ સદરહું જમીનના સંયુકત અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું તથા સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી તથા તમામ કાયદાકીય પરવાનગીઓ મેળવી ખરીદવા ઈચ્છુક ઈસમોને વેચાણ આપવા નકકી કરેલ છે. તેમજ સદર જમીનનું અમારા અસીલનું ટાઈટલ કિલયર તથા માર્કેટેબલ હોવાનું દર્શાવતું તાજી તારીખનું ટાઈટલ સર્ટીફીકેટ, યોગ્ય તર-તપાસના અંતે જારી કરવાનું અમોને જણાવેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈ પણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન/ચાર્જ કે ગીરો/મોર્ગેજ/ભેટ/વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે બાબતના મુળ (ઓરીજલન) પુરાવા /રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈ પણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, કે લાગ-ભાગ, દર-દાવો, લીયન/ચાર્જ, ગીરો/ મોર્ગેજ/ ભેટ/ વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસનો આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે. એમ માનીને તથા અમારી અન્ય તર-તપાસના આધારે અમો યોગ્ય તેવું ટાઈટલ સર્ટીફિકેટ જારી કરી દેશું અને સદર ખરીદવા ઈચ્છુક ઇસમો સદરહું જમીનનો કરાર/વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો અમારા અસીલને સદરહું જમીનનો અવેજ ચુકવી કરાવી લેશે. ત્યારબાદ કોઈની તર-તકરાર ચાલશે નહી, જેની આથી લાગતા-વળગતા દરેકે તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા. ૧૪/૦૧/૨૦૨૬

જમીન માલિક :
ઠાકોરભાઈ સોમાભાઈ પટેલ

મારી મારફત
ધર્મેન્દ્ર પી. સભાડીયા (એડવોકેટ)
ઓફિસ : ૪૦૬, ૪૦૭, બ્લ્યુ સ્ટોન, શ્યામધામ મંદિર નજીક, સરથાણા જકાતનાકા, સુરત. મો. ૯૯૭૯૬ ૧૬૬૫૮

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
TEL: +91 44 4564 4000 I ફેક્સ : +91 44 4564 4022.

પરિશિષ્ટ IV (નિયમ 8(1)) કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે હસ્તાક્ષરિત વ્યક્તિ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવાયેલ)ના અધિકૃત અધિકારી તરીકે નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13(12) હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વાંચીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને ૦૬.૦૯.૨૦૨૫ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરીને ઉધાર લેનાર, સહ-ઉધાર લેનારાઓ અને ગેરેંટરો ૧. પ્રદીપ શાહદેવ વાનખડે, ૨. ઇન્દુ સહદેવ વાનખડેને નોટિસમાં દર્શાવેલ રકમ રૂ. ૧૧,૮૧,૭૩૦.૩૯/- (રૂપિયા અગિયાર લાખ એકાસી હજાર સાતસો ત્રીસ અને ઓગણચાલીસ પૈસા માત્ર) ૦૬.૦૯.૨૦૨૫ના રોજ, ઉક્ત ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું.

ઋણ લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી ઋણ લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો આજે તા. 08 જાન્યુઆરી, 2026ના રોજ મેળવ્યો છે. આથી ખાસ કરીને ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે લોકોને મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)ના રૂ. ૧૧,૮૧,૭૩૦.૩૯/- (રૂપિયા અગિયાર લાખ એકાસી હજાર સાતસો ત્રીસ અને ઓગણચાલીસ પૈસા માત્ર) રકમ અને તેના પર વ્યાજ ચાર્જને આધીન રહેશે.

ઋણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. ૫૦૧, પમા માળે (પાસ થયેલા પ્લાન મુજબ, ચોથા માળે), ૩૯૦.૫૭ ચોરસ ફૂટ એટલે કે ૩૬.૩૦ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા અને ૩૪૭.૮૭ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા અને ૨૦ ચોરસ ફૂટનો છે. "શિવદૃષ્ટિ રેસિડેન્સી"ની જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, મકાન નં. H/2, જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં. 59/2, બ્લોક નં. 67, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. 59 (પારડી કણદે-સચિન- કનસાદ), મૂળ પ્લોટ નં. 64, ફા. પ્લોટ નં. 64, મોજે ગામ ખાતે સ્થિતઃ પારડી કણદે, ઉપ-જિલ્લોઃ ચોર્યાસી, તાલુકોઃ ચોર્યાસી, જિલ્લો સુરત, ગુજરાત-394230, અને આ રીતે સીમાઃ પૂર્વઃ બ્લોક નં. 68/તળાવ, પશ્ચિમઃ બ્લોક નં. 66, ઉત્તરઃ બ્લોક નં. 71 અને 72, દક્ષિણઃ સચિન ગામની સીમા

એસડી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)

તારીખઃ 08-01-2026
સ્થળઃ ગુજરાત
લોન અકાઉન્ટ નં.: 123501007

ઇસરોના PSLV રોકેટ અકસ્માતમાં એક માત્ર સ્પેનિશ સેટેલાઇટ બચી ગયું

પ્રોટોટાઇમ રિ-એન્ટ્રી વેહીકલે સંદેશો મોકલ્યો, યોગ્ય ભ્રમણકક્ષામાં મૂકવાના પ્રયાસો ચાલુ છે

બેંગલુરુ, તા. 13

ઈસરોના નિષ્ફળ ગયેલા PSLV-C62 મિશનના કાટમાળ વચ્ચે એક આશ્ચર્યજનક વળાંકમાં, સ્પેનિશ સ્ટાર્ટઅપ ઓર્બિટલ પેરાડાઈમે ખુલાસો કર્યો છે કે તેનું 'કેસ્ટ્રેલ ઈનિશિયલ ડેમોન્સ્ટ્રેટર' (KID) કેપ્સ્યુલ અદભૂત રીતે બચી ગયું છે. કંપનીએ જણાવ્યું હતું કે આ સેટેલાઈટ રોકેટથી અલગ થવાની પ્રક્રિયા અને વાતાવરણમાં પુનઃપ્રવેશની અત્યંત વિષમ પરિસ્થિતિઓ વચ્ચે ટકી રહ્યો હતો અને તેણે પૃથ્વી પર મહત્વપૂર્ણ ડેટા મોકલ્યો હતો.

12 જાન્યુઆરીએ સહ-પેસેન્જર તરીકે લોન્ચ કરાયેલ આ 25 કિલોનું ફૂટબોલ કદનું પ્રોટોટાઈપ, રોકેટના ત્રીજા તબક્કાની ખામી હોવા છતાં, જેણે મુખ્ય પેલોડ્સને નષ્ટ કરી દીધા હતા, તે તમામ અવરોધો સામે ચોથા તબક્કાથી અલગ થવામાં સફળ રહ્યું હતું. ઓર્બિટલ પેરાડાઈમે X (ટ્વિટર) પર આ અપડેટ શેર કરતા જણાવ્યું કેઃ અમારું KID કેપ્સ્યુલ PSLV-C62 થી અલગ થયું, કાર્યરત થયું અને 3 મિનિટથી વધુ સમય સુધી ડેટા ટ્રાન્સમિટ કર્યો. અમે તેના માર્ગ નું પુનઃનિર્માણ કરી રહ્યા છીએ. અમે અત્યંત ગરમી અને પીક g-લોડનો સામનો કરીને બચી ગયા છીએ. અમારી પાસે આંતરિક તાપમાનના આંકડા છે. સંપૂર્ણ રિપોર્ટ ટૂંક સમયમાં આવશે એમ તેણે જણાવ્યું હતું. આ કેપ્સ્યુલ દક્ષિણ પેસિફિક મહાસાગરમાં સ્પ્લેશડાઉન માટેના પુનઃપ્રવેશ પરીક્ષણ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. તેણે એવા પ્રચંડ દબાણ અને તાપમાનનો સામનો કર્યો જે મોટાભાગના પ્રાયોગિક હાર્ડવેરના ટુકડા કરી નાખે છે. નિષ્ણાતો તેને એક આશાના કિરણ તરીકે જોઈ રહ્યા છે.

ચીની શાસક પક્ષનું પ્રતિનિધિમંડળ ભાજપ, આરએસએસના નેતાઓને મળ્યું

ચીની ડેલિગેશનના ભારત પ્રવાસથી રાજકીય ગરમાવો

આ મુલાકાતથી ભારે વિવાદ, કોંગ્રેસે ભાજપ પર ચીન માટે લાલ જાજમ પાથરવાનો આક્ષેપ કર્યો

વળતા ફટકામાં ભાજપે કહ્યું કે અમે ખુલ્લેઆમ મુલાકાત કરીએ છીએ, ચોરી છૂપીથી એમઓયુ કરતા નથી

નવી દિલ્હી, તા. ૧૩: ચીનના શાસક પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાનું એક પ્રતિનિધિમંડળ મંગળવારે અહીં આરએસએસના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેને મળ્યું હતું. એમ સૂત્રોએ જણાવ્યું હતું. ચીની પ્રતિનિધિમંડળ સવારે ૧૧ વાગ્યે આરએસએસના સેકન્ડ-ઈન-કમાન્ડને તેમના કાર્યાલયમાં મળ્યું હતું અને આ મુલાકાત લગભગ એક કલાક ચાલી હતી. એમ સૂત્રોએ જણાવ્યું હતું. આગલા દિવસે તેણે ભાજપ વડામથકની મુલાકાત લીધી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ''તે તેમના દ્વારા સૌજન્ય મુલાકાત હતી. મુલાકાત માટે વિનંતી ચીની પક્ષ તરફથી આવી હતી.'' સોમવારે ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય બાબતોના ઉપમંત્રી સુન હૈયાનના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે અહીં ભાજપ મુખ્યાલયની મુલાકાત લીધી તેના એક દિવસ પછી આ ઘટના બની છે. બેઠક દરમિયાન પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહના નેતૃત્વમાં ભાજપ પ્રતિનિધિમંડળે 'ભાજપ અને સીપીસી વચ્ચે આંતર-પક્ષીય સંદેશાવ્યવહારને આગળ વધારવાના માધ્યમો' પર વિસ્તૃત ચર્ચા કરી હતી. સોમવારે ભાજપ કાર્યાલયની મુલાકાત લેનારા પ્રતિનિધિમંડળમાં ભારત ખાતેના ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગ પણ સામેલ હતા.

આ બેઠકોએ એક રાજકીય વિવાદ છેડ્યો હતો, જેમાં વિપક્ષી કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરની શાક્સગામ ખીણ પર બેઈજિંગના કથિત દાવાઓ છતાં ચીની પ્રતિનિધિઓ સાથે જોડાવા બદલ કેસરીયા નેતૃત્વની ટીકા કરી હતી. કોંગ્રેસે સવાલ કર્યો હતો કે શું ભાજપે મુલાકાતીઓ સાથેની વાતચીત દરમિયાન વારંવાર થતા ચીની અતિક્રમણનો મુદ્દો ઉઠાવ્યો હતો?